# સ્ટેચ્યુ ઓફ યુનિટીને પગલે રાતોરાત રસ્તા પાકા કરાયા

અમદાવાદ, તા.૨૪

આગામી તા.૩૧મી ઓક્ટોબરે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેવડીયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીને દેશને સમર્પિત કરવાના છે ત્યારે તેમના આગમનને લઈ નર્મદા જિલ્લાના કેવડિયા સહિતના વિસ્તારોના રોડ-રસ્તાઓ પર સાફ સફાઈ તેમજ પાકા રોડ બનાવવા માટેના કાર્યો પુરજોશથી ચાલી રહ્યાં છે. વડાપ્રધાન મોદી આવવાના હોઈ આ વિસ્તારમાં રાતોરાત રોડ-રસ્તા પાકા અને ચકચકાટ બનાવી દેવાયા છે એટલું જ નહી, બરોડાથી કેવડીયા સુધી રોડ બનાવવા માટે આધુનિક મશીનરી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ફોર લેન રોડ વચ્ચે વૃક્ષ અને પાલન્ટ ઉગાડી દેવામાં આવતા રાતોરાત વિકાસ બતાવવાનો પ્રયાસ સત્તાતંત્ર દ્વારા થઇ રહ્યો છે ત્યારે બીજીબાજુ, આદિવાસીઓમાં જોરદાર વિરોધનો વંટોળ ફુંકાયેલો જોવા મળી રહ્યો છે. નર્મદા જિલ્લાના કેવડીયા ખાતે આગામી તા.૩૧મી ઓકટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું લોકાર્પણ માટે વડાપ્રધાન રીમોટ કંટ્રોલથી સભામંડપનો પડદો ઉંચો કરશે અને તેમાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકદર્શન ખુલ્લા મૂકાશે. ૧૮૨ મીટરની પ્રતિમાને આખી ઢાંકવી શકય ન હોવાથી આ નિર્ણય લેવાયો છે.

હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે ૮ થી ૧૦ હજાર લોકો બેસી શકે તેવો ૬,૦૦૦ સ્કેવરફીટમાં ડોમ બનાવવામાં આવી રહ્યો છે. વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને તા.૩૧મીના વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રને સર્મપિત કરશે. પહેલાં બે લાખની જનમેદની ભેગી કરવાનું આયોજન હતું પરંતુ વિશાળ જગ્યાના અભાવ સહિતના કેટલાક મુદ્દાઓને લઈ સમગ્ર કાર્યક્રમને સિમિત કરી દેવાયો છે. હવે માત્ર ૮ થી ૧૦ હજાર માણસોની હાજરીમાં લોકાર્પણ સમારંભ યોજાશે. લીમડી બરફળિયા ખાતેના હેલી પેડ ખાતે હાલ ૪૦ બાય ૫૫ અને ૬૦ બાય ૯૦ના બે ડોમ (મંડપ) બનવવામાં આવી રહ્યાં છે. આમ કુલ ૩૦૦ બાય ૨૦૦ એટલે કે ૬૦૦૦ સ્કેવરફીટનો મંડપ બનશે. ડોમમાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોઈ શકાશે નહીં પરંતુ તેના લોકાર્પણ વિશ્વની આ સૌથી ઉંચી પ્રતિમાને નજીકથી નિહાળવી એક લ્હાવો બની રહેશે.

## નવરાત્રીનો ઉન્માદ હજુ શમ્યો નથી

# શરદપૂનમ નિમિત્તે ગરબાનો માહોલ જામ્યો



ઉત્સવપ્રિય ગુજરાતમાં નવરાત્રીનો ઉન્માદ હજુ શમ્યો હોય એમ લાગતું નથી. શરદપૂનમ નિમિત્તે ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યભરમાં સ્કૂલ, કૉલેજ ઉપરાંત સ્વૈચ્છિક અને સામાજિક સંગઠનો પણ રાસ-ગરબા અને સમૂહમાં દૂધ-પૌંઆની જ્યાફતના કાર્યક્રમો યોજ્યા હતા. જેમાં યુવાહૈયાં મનમૂકીને ગરબે ઘૂમ્યા હતા.



અલ્પસંખ્યક સમુદાયના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કટિબદ્ધતા દર્શાવવામાં આવી છે. આના ભાગરુપે ગાંધીનગરમાં ધિરાણના ચેક એનાયત કરાયા હતા.

# વડગામને અછતગ્રસ્ત જાહેર નહીં કરાતાં જિજ્ઞેશ મેવાણી લાલઘૂમ

## અછતગ્રસ્ત જાહેર ન કરાય તો વિસ્તારના જનપ્રતિનિધિ તરીકે આંદોલન કરવાની ચીમકી

અમદાવાદ, તા.૨૪

બે દિવસ પહેલાં તા.૨૨મી ઓક્ટોબરના રોજ રાજ્ય સરકારે અછતગ્રસ્ત તાલુકાઓની યાદી તાલુકાઓના અછતગ્રસ્ત ગામડાંઓની સંખ્યા સહિત જાહેર કર્યા હતા. જેમાં ઘણાં અછતગ્રસ્ત તાલુકાઓ અને વિસ્તારોઓને ૨૦૧૯ લોકસભાની ચૂંટણીના પગલે બાકાત રાખ્યા હોવાનો આક્ષેપ કોંગ્રેસના ધારાસભ્યોએ કર્યો હતો ત્યારે આજે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ પોતાના મતવિસ્તારના એરિયાને અછતગ્રસ્ત જાહેર નહી કરાતાં ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો અને સરકાર સામે ઓરમાયા વર્તનનો ગંભીર આરોપ લગાવ્યો હતો. દલિત યુવા નેતા અને વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર અગાઉ કચ્છ-બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લાના તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કર્યા છે અને હમણાં જુદા-જુદા અન્ય ૫૧ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કર્યા. જેમાં સરકારે બનાસકાંઠા જીલ્લાના બીજા તાલુકાઓને પણ અછતગ્રસ્ત જાહેર કર્યા પરંતુ એનો જરાય વાંધો નથી. પરંતુ બનાસકાંઠાના જ અછત પીડિત વડગામ તાલુકાને બાકાત રાખવાનું કારણ શું? ગામ કે વિસ્તારને અછતગ્રસ્ત જાહેર કરવા માટે કલેક્ટર દ્વારા ચકાસણી કરવી જોઈએ. સરકારે વડગામ તાલુકાનાં કેટલાં ગામોમાં ક્યારે આનાવારી કરી અને કયા ગામની કેટલી આનાવારી થઈ તેની વિગતો જાહેર કરે. મેવાણીએ જણાવ્યું કે, સરકાર જાહેર કરે કે વડગામ તાલુકાનાં કેટલાં ગામોમાં વરસાદ માપક યંત્ર, આનાવારી, દુષ્કાળ મેન્યુઅલનો અમલ શા માટે નથી કરતી અને પાસે જો ઉપરોક્ત વિગતો ના હોય, માત્ર અને માત્ર રાજકીય વલણો અનુસાર દુષ્કાળ જાહેર ન કરે. ધારાસભ્ય તરીકે મારા વડગામ વિસ્તારનાં ગામડાંની સ્થિતિ નરી આંખે જાઈ શકાય છે. અહીંના ખેડૂતોનો પાક સદંતર નિષ્ફળ ગયો છે, પશુઓ માટે ઘાસચારાની તંગી છે. ખેતીને પુરક એવો પશુપાલન ઉદ્યોગ આ વિસ્તારમાં ખૂબ વ્યાપક છે તેવા સંજાગોમાં સરકાર પાસે મારી સ્પષ્ટ માગણી છે કે, વડગામ વિસ્તારને તરત જ અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે, તાત્કાલિક દરેક ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા સુદૃઢ કરવામાં આવે, પશુઓ માટે તાત્કાલિક ઘાસ વિતરણ શરૂ કરવામાં આવે, દુષ્કાળને કારણે બેરોજગાર થયેલાં ખેતમજૂર પરિવારો માટે મનરેગા અને બીજાં જળસંચયનાં રાહત કામો શરૂ કરવામાં આવે. મેવાણીએ ચીમકી ઉચ્ચારી છે કે જો સરકાર તાત્કાલિક વડગામ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી જરૂરી પગલાં નહીં ભરે તો જનતાના જવાબદાર પ્રતિનિધિ તરીકે મારે આંદોલનાત્મક પગલાં ભરવાં પડશે જેમાં હું જરાય પાછી પાની નહીં કરું, ખેડૂતોને સાથે લઈને આંદોલન કરીશ અને જરૂર પડે ધરણા પણ કરીશ. હું ખેડૂતો માટે આંદોલન કરતાં સહેજપણ અચકાઈશ નહી.

# છસરા જૂથ અથડામણ : એક સાથે ૪ અર્થી ઉઠતાં ગામ હિબકે ચડ્યું

મુન્દ્રા,તા.૨૪

કચ્છના મુન્દ્રા તાલુકાના છસરા ગામે ચાર આહિર પિતરાઈ ભાઈઓની અંતિમવિધિ કરાઈ હતી. ગામમાં એક સાથે ૪ અર્થી ઉઠતાં ગામ હિબકે ચડ્યું હતું. જ્યારે છસરાના મહિલા સરપંચના પુત્ર અને સસરાની ભુજના કબ્રસ્તાનમાં દફનવિધિ કરવામાં આવી હતી. અંગત અદાવતમાં ગઈકાલે રાત્રે લઘુમતી સમાજ અને આહિર જ્ઞાતિ બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં ૬ લોકોના સારવાર મળે મોત નિપજ્યા હતા. જ્યારે એક લઘુમતી યુવકને ગંભીર હાલતમાં સારવારાર્થે ભૂજ ખસેડાયો હતો. બનાવના પગલે નાના એવા ગામમાં ભારે હડકંપ મચી જવા પામી છે.મુન્દ્રા તાલુકાના છસરા ગામે અગાઉના ઝઘડાને લઈને બે જૂથ વચ્ચે ઘાતક હથિયારો સાથે ખૂની ખેલ ખેલાયો હતો. મંગળવારે મોડી રાત્રે આહિર સમાજના ૪ યુવકો પોતાના ખેતરેથી ઘરે આવતા હતા ત્યારે પૂર્વ પ્લાનિંગ સાથે જૂની અદાવતનું વેર વાળવા સરપંચના પુત્ર અને તેના દાદા તથા અન્ય ઈસમોએ હથિયારો સાથે ઝઘડો શરૂ કર્યો હતો. સામા પક્ષે આહિર યુવકોએ પણ તેમના મિત્રોને બોલાવી ઝઘડાને ગંભીર રૂપ આપ્યું હતું.

# ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે : ચાવડા

## જે સરદાર ૨૫ વર્ષથી કોંગ્રેસના પ્રમુખ રહ્યા છે તેમના નામે સ્ટેચ્યુ ઓફ યુનિટીના બહાને સરકાર અને ભાજપ રાજનીતિ કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા આજે બુધવારે વલસાડ જિલ્લાની મુલાકાતે ગયા હતા. ઉદવાડામાં કોંગ્રેસની કાર્યકર્તા તાલીમ શિબિરમાં હાજરી આપી હતી. અમિત ચાવડાએ મહુવામાં વી.એચ.પી.ના પ્રમુખની હત્યા અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુદ્દે પ્રતિક્રિયા આપતા ભાજપ ઉપર નિશાન સાધ્યું હતું.

અમિત ચાવડાએ વી.એચ.પીના પ્રમુખની હત્યા અંગે નિદવેન આપતા કહ્યું હતું કે, ગાંધી-સરદારના શાંતિપ્રિય ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે. અત્યારે રાજયમાં કાદો- વ્યવસ્થાની પરિસ્થિતિ યુપી-બિહાર જેવી થઈ રહી છે. ખુલ્લેઆમ ખૂન, ચોરી, લૂંટ સામાન્ય બાબત, નાની બાળકીઓના અપહરણ અને દુષ્કર્મ થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં સરકાર ઉત્સવો અને મહોત્સવમાં વ્યસ્ત રહી છે. આમ કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં સરકાર નિષ્ફળ નીવડી છે. આ ઉપરાંત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર નિવેદન આપતા કહ્યું હતું કે, જે સરદાર ૨૫ વર્ષથી કોંગ્રેસના પ્રમુખ રહ્યા છે તેમના નામે સ્ટેચ્યુ ઓફ યુનિટીના બહાને સરકાર અને ભાજપ રાજનીતિ કરી રહ્યા છે. સાથે સાથે રાજયમાં અસરગ્રસ્ત વિસ્તારોની જાહેરાત મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, જાહેરાતો કરવાથી કામ નથી થતું. અછત મેન્યુઅલ મુજબ તાત્કાલિક કામ અને કાર્યો થવા જોઈએ. રાહત કાર્યો, રાહત કેમ્પ, પીવાનું પાણી અને નર્મદાનું પાણી ખેડૂતો સુધી પહોંચે તેવા યુદ્ધના ધોરણે કામ થવા જોઈએ. સરકારને વિનંતી કે અછથ મુદ્દે કોઈ રાજનીતિ ન થવી જોઈએ.

# સૌરાષ્ટ્રમાં કપાસના ઉત્પાદનમાં ધરખમ ઘટાડાની સંભાવના

રાજકોટ, તા.૨૪

કપાસના ઉત્પાદનના હબ તરીકે ઓળખાતા સૌરાષ્ટ્રમાં કપાસના ઉત્પાદનમાં ધરખમ ઘટાડો થાય તેમ છે. મોટા ભાગે નવા કપાસની આવક શરૂ થયાને એકાદ મહિના બાદ અમુક વિસ્તારોમાં કપાસના છોડ સૂકાવા લાગતા હોય છે. પરંતુ આ વર્ષે ખેડૂતોના ઘરમાં કપાસ પહોંચે તે પહેલા જ ખેતરમાં સૂકાવા લાગતા ખેડૂત ચિંતિત બન્યો છે. શિયાળાનું વાતાવરણ કપાસને વધૂ અનુકૂળ છે. ઓછા પાણીની વચ્ચે પણ શિયાળું વાતાવરણ થઈ જતા કપાસનો છોડ ટકી રહે છે. પરંતુ મિશ્ર વાતાવરણને કારણે કપાસમાં જીણી મચ્છી અને સફેદ માખીનો ઉપદ્રવ વધાવા લાગ્યો છે. જેના કારણે કપાસનો ઉભો છોડ જમીનમાંથી મૂળ મૂકવા લાગે છે અને પીળો થયા બાદ ધીમે ધીમે સૂકાઈ જાય છે. ચાલુ વર્ષે અપુરતા વરસાદના કારણે પાકને પિયત આપવું મુશ્કેલ બન્યું છે. પરંતુ ઓછા પિયત વચ્ચે પણ પાકને વાતાવરણ અનુકૂળ હોવાથી જગતનો તાત થોડુ ઘણું ઉત્પાદન આવશે તેવી આશા રાખીને બેઠા હતો. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં બદલાવ આવતા કપાસનો પાક સૂકવા લાગ્યો છે.

દર વર્ષે ભાદરવાના આકાર તાપ બાદ ધીમે ધીમે ઠંડીની શરૂઆત થવા લાગતી હોય છે. પરંતુ આ વર્ષે અર્ધો આસો માસ પણ પૂર્ણ થવા આવ્યો છે, તેમ છતાં આકરો તાપ વરસી રહ્યો છે.

## દાંત્રોલીના મહાકાળી ચોકમાં યજ્ઞ યોજાયો

ઈડર, તા. ૨૪

વડાલી તાલુકાના દાંત્રોલી ગામમાં મહાકાળી માતાજીના ચોકમાં ઠાકોર સમાજ દ્વારા યજ્ઞનું આયોજન કરાયુ હતુ. સરપંચ કમલેશભાઈ સાથે કાન્તીજી અમૃતજી અને જવાનજી વગેરે હરિભક્તો યજ્ઞમાં જોડાયા હતા. પૂજા-અર્ચનાવિધિ જનકભાઈ શાસ્ત્રીએ કરાવી હતી. નવગ્રહ સમીધા સાથે ગુગળ-શ્રીફળ, જવ, તલ, ઘી જેવા પવિત્ર પદાર્થોથી હવન યોજાયો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનોએ દર્શનનો લાભ લીધો હતો.

## મોટા જામરેલા કંપામાં પૂજા-હવનવિધિ સંપન્ન

ઈડર, તા. ૨૪

વડાલીના મોટા જામરેલા કંપામાં પૂજા-હવનનું આયોજન ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યુ હતુ. યજમાનપદે નિલેષભાઈ રમેશભાઈ પટેલના પરિવારે લાભ લીધો હતો. શાસ્ત્રી જનકભાઈ દ્વારા પૂજાવિધિ કરાવવામાં આવી હતી. દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

## જામરેલા કંપાના વાઘેશ્વરી માતામાં યજ્ઞનું આયોજન

ઈડર, તા. ૨૪

ઈડર તાલુકાના જામરેલા કંપાની સીમમાં આવેલા વાઘેશ્વરી માતાજીના મંદિરમાં યજ્ઞનું આયોજન કરાયુ હતુ. યજમાનપદે હસમુખભાઈ મગનભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો. લિંભોઈ અંબિકા મંદિરના શાસ્ત્રી જનકભાઈના હસ્તે પૂજાવિધિ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં માઈભક્તોએ દર્શનનો લ્હાવો લીધેલ હતો.

## અમદાવાદમાં ૭૦ હજાર રત્નકલાકારો બન્યા બેકાર

અમદાવાદ,તા.૨૪

ફરી એકવાર હીરા ઉદ્યોગ મંદીના મારમાં સપડાયો છે. ડોલર સામે રૂપિયો નબળો પડતા હિરા ઉદ્યોગની માઠી અસર થઈ છે. જેના પગલે અમદાવાદમાં ૭૦ હજાર રત્નકલાકારો બેકાર બન્યા છે. દિવાળી પહેલા જ હિરા ઉદ્યોગના હાલ બેહાલ છે ત્યારે દિવાળીના વેકેશન બાદ અમદાવાદમાં હીરાના કારખાના શરૂ થશે કે કેમ તેના પર પ્રશ્ન ઉઠી રહ્યાં છે. હીરા ઉદ્યોગની આવી સ્થિતિ અંગે વિવેકાનંદ ડાયમંડ એસોસિએશનના શહેર પ્રમુખનું માનવું છે કે ડોલરનો ભાવ ૬૭ રૂપિયા હતો ત્યારે ખરીદાયેલા રફ હીરા હાલમાં ૭૪ રૂપિયે પહોંચતા ડોલરની કિંમતને લઈને વેપારીઓને ભારે નુકાસાની ભોગવવી પડી રહી છે. છેલ્લા ૬ મહિનામાં હિરાના ૩૦ ટકા કારખાના બંધ થઈ ગયા છે.

### સમરાંગણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વારંગલ જિલ્લાના નિવાસી છે. આ સમગ્ર રાજકીય ઘટનાક્રમની શરૂઆત રાત્રે ૧૧ વાગે શરૂ થઈ હતી. સીબીઆઈમાં આ સમગ્ર નાટકીય ઘટનાક્રમની શરૂઆત રાત્રે ૧૧ વાગ્યા શરૂ થઈ હતી. સૌથી પહેલા સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્માએ આદેશ જારી કર્યો હતો કે સ્પેશિયલ ડિરેક્ટર અસ્થાના પાસેથી તમામ જવાબદારી પરત લઈ લેવામાં આવી રહી છે. સીબીઆઈ દ્વારા અસ્થાના પર ત્રણ કરોડ રૂપિયા લાંચ લેવાનો આરોપ છે. આની સો જ મંગળવારના દિવસે દિલ્હી હાઈકોર્ટમાં સીબીઆઈએ એક બોંબ ફોડીને અસ્થાના પર વસુલી રેકેટ ચલાવવાનો આરોપ મુક્યો હતો. જો કે અસ્થાનાએ આને રદિયો આપ્યો હતો. સાથે સાથે વર્મા પર તેમને ફસાવી દેવાના વળતા આરોપ મુક્યા હતા. સીબીઆઈના ડિરેક્ટર દ્વારા આ આદેશ જારી કરવામાં આવ્યા બાદ તરત જ સક્રિય થઈને આ સમગ્ર મામલામાં દરમિયાનગીરી કરી હતી. સરકારે નવો આદેશ જાર કરીને સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્માને રજા પર મોકલી દીધા હતા. સાથે સાથે અસ્થાનાને પણ રજા પર મોકલી દીધા હતા. ત્યારબાદ તરત જ સરકાર દ્વારા આદેશ કરીને કહેવામાં આવ્યુ હતુ કે વર્માની જગ્યાએ નાગેશ્વર રાવ વચગાળાના ડિરેક્ટર તરીકે જવાબદારી સંભાળશે. તેમની વર્માની જગ્યાએ નિમણૂક કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. સીબીઆઈમાં હાલમાં રાવ જોઈન્ટ ડિરેક્ટર તરીકે કામ કરી રહ્યા હતા. વર્ષ ૧૯૮૬ની બેંચના ઓરિસ્સાના આઈપીએસ અધિકારી રાવ તેલંગણાના વારંવગલ જિલ્લાના નિવાસી છે. કેન્દ્ર દ્વારા જારી કરવામાં આવેલા આદેશમાં કહેવામાં આવ્યુ હતુ કે રાવની તાત્કાલિક ધોરણથી વરણી કરવામાં આવી રહી છે. બીજ બાજુ સીબીઆઈમાં ટોપ અધિકારીઓ વચ્ચે ખેંચતાણના કારણે સ્થિતી ગંભીર બની રહી છે. તપાસ સંસ્થાની વિશ્વસનીયતા પર પ્રશ્નો થઈ રહ્યા છે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર સાથે જોડાયેલા ટોપ અધિકારીઓ સમગ્ર દિવસ દરમિયાન આ વિવાદને ઉકેલવાના પ્રયાસમાં લાગેલા રહ્યા હતા.આલોક વર્માએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ આ કેસ સાથે જોડાયેલા ડીએસપી રેંકના અધિકારીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ અધિકારીઓના આવાસ પર દરોડા પણ પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન અનેક દસ્તાવેજો અને ડાયરી જપ્ત કરવામાં આવી હતી. સીબીઆઈની અંદર આગામી થોડાક દિવસમાં કોઈ મોટા ઘટનાક્રમ થવાની પણ શક્યતા દેખાઈ રહી છે. અધિકારી દેવેન્દ્રની ધરપકડ બાદ સીબીઆઈએ આ કેસ સાથે સંબંધિત પ્રથમ નિવેદન જારી કર્યુ છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, ડીએસપી રેંકના અધિકારી દેવેન્દ્ર કુમારે કઈરીતે રાકેશ અસ્થાનાના કહેવા પર બનાવટી પુરાવા એકત્રિત કર્યા હતા. આમા જણાવવામાં આવ્યું છે કે, દેવેન્દ્ર કુમારે રાકેશ અસ્થાનાના કહેવા પર એવા લોકોના નિવેદન દિલ્હીમાં લેવાનો દાવો કરવામાં આવ્યો હતો જે લોકો તે દિવસે દિલ્હીમાં હતા જ નહીં.

### સીલ કરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓ પહોંચ્યા ત્યારે સીબીઆઈની ઓફિસ બંધ મળી હતી. ઈતિહાસમાં પ્રથમ વખત આ ઘટના જોવા મળતા તમામ સુરક્ષા સંસ્થાઓ અને તપાસ સંસ્થાઓમાં આની ચર્ચા જોવા મળી રહી છે. બે ટોપના અધિકારીઓની લડાઈના કારણે દેશની સર્વોચ્ચ તપાસ સંસ્થાની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. સીબીઆઈના હેડ ક્વાર્ટસને સીલ કરવામાં આવ્યા બાદ તમામ અધિકારીઓને પરત ફરવાની ફરજ પડી હતી. કોઈ પણ સંવેદનશીલ દસ્તાવેજો હવે ઓફિસમાંથી કોઈ લઈ ન શકે તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો હતો. સુત્રોના કહેવા મુજબ તમામ હાઈ પ્રોફાઈલ કેસના તપાસ અધિકારીઓની ટીમને બદલી નાંખવામાં આવી રહી છે. રાકેશ અસ્થાના અને આલોક વર્માની સામે તપાસ કરવા માટે પણ અલગ અલગ ટીમો બની છે.

### સુપ્રીમમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખુલ્લીરીતે મેદાનમાં છે. મોદી સરકારે ડેમેજ કન્ટ્રોલના ભાગરુપે આલોક વર્મા અને અસ્થાનાને રજા ઉપર મોકલી દીધા બાદ ઘટનાક્રમ વધુ ઝડપથી બદલાયો હતો. બીજી બાજુ સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ પણ સમગ્ર મામલાને સુપ્રીમ કોર્ટમાં લઈને જઈ શકે છે. ભૂષણે રાકેશ અસ્થાનાને સીબીઆઈના સ્પેશિયલ ડિરેક્ટર બનાવવાને લઈને વાંધો ઉઠાવ્યો હતો પરંતુ તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી. હવે નાગેશ્વર રાવને વચગાળાના ડિરેક્ટર બનાવવાને લઈને પણ વાંધો ઉઠાવ્યો છે. એજન્સીના ત્રણ એડિશનલ ડિરેક્ટરોમાંથી કોઈ એકના બદલે જોઈન્ટ ડિરેક્ટર રાવને વચગાળાના નિર્દેશકની જવાબદારી સોંપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે રાવની નિમણૂંક સામે વાંધો ઉઠાવ્યો છે અને આ મામલાને લઈને સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારી કરી છે. બીજી બાજુ આજે સવારે વર્મા અને અસ્થાનાની ઓફિસને સીલ કરી દેવામાં આવી હતી. બપોર સુધી કોઈપણ પ્રકારની કોઈ ફાઈલ લેવામાં આવી ન હતી. આલોક વર્માની ઓફિસમાં પણ તપાસ થઈ રહી છે. તેમની અવધિ આ વર્ષે ડિસેમ્બરમાં પૂર્ણ થઈ રહી છે. અગાઉ સીબીઆઈની અંદર નંબર-૧ અને નંબર-૨ની લડાઈની વચ્ચે કેન્દ્ર સરકારે અતિ કઠોર વલણ અપનાવીને આખરે રાતોરાત જ તપાસ ટીમ બદલી નાંખી હતી. મંગળવારે રાત્રીને લઈને આજે સવાર સુધી એવો ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો જેવો દોર દેશની સર્વોચ્ચ તપાસ સંસ્થા સીબીઆઈના ઈતિહાસમાં અગાઉ ક્યારેય ચાલ્યો નથી.

### ખળભળાટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામા 'આવી હતી. એચઓબી રામગોપાલ, એસબી સતિષ ડાગરની પણ બદલી કરવામાં આવી હતી. કેટલાક અધિકારી સીબીઆઈના રાકેશ અસ્થાનાની સામે તપાસ કરી રહ્યા હતા. સીબીઆઈના જેડી(પી) અરુણ કુમાર શર્મા, એ સાઈ મનોહર, એચઓઝેડ વી મુરુગુશન, ડીઆઈજી અમિત કુમારને તાત્કાલિક અસર સાથે બદલી કરી દેવામાં આવી છે. બીજી બાજુ અધિકારોની ઓફિસને પણ સીલ કરી દેવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સીબીઆઈના પ્રવક્તાએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, સીબીઆઈ હેડક્વાર્ટરમાં કોઈને પણ પ્રવેશ કરવાની મંજુરી આપવામાં આવશે નહીં. સીબીઆઈના સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાના મામલાની તપાસ સીબીઆઈ ડીઆઈજી તરુણ ગોબા, એસપી સતિષ ડાગર અને જોઈન્ટ ડિરેક્ટર મુરુગુશન કરશે. હેડક્વાર્ટરમાં એમ નાગેશ્વર રાવે મોડેથી બેઠકોનો દોર શરૂ કર્યો હતો. સીબીઆઈમાં ઝડપથી બદલાયેલા ઘટનાક્રમ વચ્ચે ટોપ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી હતી. સીબીઆઈમાં આને લઈને ખળભળાટ મચી ગયો છે. અસ્થાના સામે તપાસ કરતા અધિકારીઓ પણ બદલાઈ ગયા છે.

### હરાજીમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૮૧૮૧ નંબર માટે રૂ ૩૭ હજાર ચુકવાયા હતા. જયારે ૮૦૫૫ માટે રૂ ૩૬ હજાર, જયારે ૨૭ નંબર માટે ૩૩ હજાર અને ૯૦૦૯ અને ૯૦૦૦ નંબર માટે રૂ ૨૫ હજાર હરાજી માં ચુકવાયા હતા. આ ઉપરાંત ૯૦૯૦ નંબર પણ રૂ ૨૫ હજારમાં ફાળવવામાં આવ્યો હતો. આ હરાજી પ્રક્રીયાના અંતે આર ટી ઓ કચેરીએ રૂ ૧૩.૪૫ લાખની આવક કરી હતી. જો કે આર ટી ઓ તંત્રને કમાઈને આપતા અરજદારોના કામો અનેક વાર અટવાય છે. આ માટે અસરકારક વ્યવસ્થા ગોઠવાતી ન હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે.

### મેયર મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળવાના હોવાથી ભાજપમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.નવા મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની પસંદગી માટે ભાજપ પ્રદેશ સંગઠ્ઠન દ્વારા એક-બે દિવસમાં વિધિવત્ નીરીક્ષકની નિમણુંક કરાશે અને તે સભ્યોના મન જાણ્યા બાદ પ્રદેશ સંગઠ્ઠન દ્વારા મેયરનો મેન્ડેટ તૈયાર કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં વિપક્ષ પણ ભાજપની જૂથબંધીને ધ્યાને રાખે આ જંગમાં પૂરી તાકાત સાથે ઝંપલાવશે અને તે પણ તેના ઉમેદવારોની પસંદગી માટેની કવાયત હાથ ધરશે તેમ કોંગ્રેસના અંતરંગ સૂત્રોએ જણાવ્યુ છે.

બન્ને પક્ષોએ હાલ તો નવા મેયરનો મુદ્દો પ્રદેશ મોવડીઓ પર છોડી દીધો છે પરંતુ આ વખતની ચૂંટણી પર સૌની નજર મંડાયેલી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરપદની ચૂંટણી દિપાવલીના પર્વોમાં જ આવી રહી હોવાથી રાજકીય વર્તુળો પણ પાટનગરના નવા રાજકીય સમીકરણો પર મીટ માંડીને બેઠા છે.

### મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

ગમવા માંડ્યું.આ ગીતની વિગતે વાત કરવાની ઘણી ઈચ્છા છે, પણ લેખની લંબાઈ ઝાઝી વધી ના જાય તેટલી વાત કરીએ.

આ વરસે ગાંધીજીના જન્મને દોઢસો વરસ થાય છે, તે નિમિતે ભારત સરકારે અને આપણી રાજ્ય સરકારે અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે. સરકારના કાર્યક્રમો તો સરકારી રીતે થશે પરંતુ આપણે પણ કાંઈક કરવું જોઈએ. પહેલું કાર્ય તો એ કે આપણે જ્યાં કચરો જોઈએ ત્યાં ઝાડુ હાથમાં વાળવા માંડીએ એવું ના કરીએ તો વાંધો નહીં ,પણ ક્યાંય અસ્વચ્છતા વધે એવું કૃત્ય આપણા હાથથી થવું જોઈએ નહીં. આજના જમાનામાં સત્યવાદી થવું ઘણુ અઘરું છે, પરંતુ આપણે કોઈની જૂઠાણાને પ્રોત્સાહન ના આપીએ તોય ઘણું છે. ત્રીજુ, અહિંસા બહુ સારી વસ્તુ છે અને મોટાભાગના ગુજરાતી અહિંસક હોય છે ,છતાં આપણા હાથે કોઈની હિંસક પ્રવૃત્તિને વાજબી ઠેરવવાનો પ્રયત્ન થવો જોઈએ નહીં. આપણે અત્યારે શબ્દોના પનારે પડ્યા છીએ, તો આ પ્રસંગે ગાંધી સાહિત્યનો વધુને વધુ પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.(કોઈના જન્મદિને ગાંધીજીનું "સત્યના પ્રયોગો" અથવા અન્ય પુસ્તક ભેટ આપી શકાય.) વર્તમાનપત્રોમાં ગાંધીવિષયક લખાણો આવવા માંડ્યા છે. આપણા ગાંધીનગર સમાચારમાં શ્રી કુંતલભાઈ નિમાવતે ગાંધીકથાના લેખોની લહાણી કરવા માંડી છે. લેખોની સાથોસાથ ગાંધીજીના જીવન પ્રસંગોના અલભ્ય ફોટાઓ છપાય છે તેથી બધા લેખોનું મૂલ્ય વધી જાય છે. રોજેરોજ આવા લેખો લખવા ઘણું અઘરું કામ છે તે હું સારી પેઠે જાણું છું, છતાં શ્રી કુંતલભાઈ તે કામ વિરામ લીધા વગર( વીથાઉટ બ્રેક)કરી રહ્યા છે તે બદલ તેઓ ખરેખર અભિનંદનના અધિકારી છે. તેમના કામમાંથી પ્રેરણા લઈને મને પણ એવો વિચાર આવ્યો કે આપણી કોલમમાં પણ ગાંધીજીની વાતો અને કાવ્યોના લખાણ લખવા જોઈએ.શ્રી નારાયણભાઈની ગાંધીકથાની ભાવના અને મનના ઉમંગોવાળું ગીત મને ખુબ ગયાં હતા. ગયા અંકમાં શ્રી ભગવતીકુમાર શર્માનું કાવ્ય "મે ગાંધીજીને જોયા નથી" રજૂ કર્યુ હતું. આજે ગાંધીગીતોનું એક ગીત રજૂ કર્યુ. જોકે તેમાં ગીતના પ્રારંભની જ વાત થઈ શકી છે . બીજી કડીઓની વાત ફરીવાર કરીશું, પણ તમને આ કાર્ય કેવું લાગ્યું, તે જણાવશો તો બહુ આનંદ થશે.